**<u>નિયમો :</u>**

(૧) એમ્કો ધનવર્ષા બોન્ડ એક ટર્મ ડિપોઝીટ પ્લાન છે જેની મુદત ૫૧ માસની છે એટલે કે બોન્ડ ખરીદ તારીખથી ૫૧ માસના અંતે વ્યાજ તથા મુદ્દલ એકસાથે મળશે અને આ માટે વ્યાજદર ૮.૨૫% વાર્ષિક રહેશે.

(૨) આ બોન્ડ રૂા.૧૦,૦૦૦/- કે તેના ગુણાંકમાં મૂળ કિંમતમાં ખરીદી શકાશે.

(૩) પાકતી તારીખે મળવાપાત્ર રકમ નીચેની શરતોને આધિન રહેશે.

(એ) ★ ઈન્કમટેક્ષના કાયદા મુજબ વ્યાજમાંથી TDS કપાત થશે તો તેટલી રકમ ઓછી મળવાપાત્ર રહેશે.

(૪) જોઈન્ટ એકાઉન્ટ હોલ્ડરમાંથી કોઈપણ એક વ્યક્તિનું અવસાન થાય અને જો સૂચના" Either or Survivor"હોય તો એવા સંજોગોમાં

(એ) મુદત પહેલાં રકમ ઉપાડવી હોય તો, આવા સંજોગોમાં હયાત વ્યક્તિને ઉપાડવા દેવાની સંમત્તિ બંન્ને વ્યક્તિઓએ સંયુક્ત સહી થી આપેલ હોવી જોઇએ. એકાઉન્ટ ખોલતી વખતે જ આવો ઓપ્શન મેળવી લેવો હિતાવહ છે અને ખાતેદારોને પણ તે વિશે માહિતગાર કરવા જરૂરી છે. જો ઉપર મુજબની સંમત્તિ આપેલ ન હોય, તો મૃતક વ્યક્તિના વારસદારની સંમત્તિ મેળવ્યા પછી જ હયાત વ્યક્તિને મુદત પહેલાં નાણાં ઉપાડવા દેવાશે.

(બી) જો નાણાં પાકતી તારીખે ઉપાડવાના હોય તો હયાત વ્યક્તિને, મૃતકના વારસદારની સંમત્તિ વિના ચૂકવી શકાશે.

(૫) સુપર સીની.સીટીઝન, સીની.સીટીઝન કે સ્ટાફને વધારાના વ્યાજદરનો લાભ મળશે નહિ.

(૬) **આ સ્કીમ તા.૦૧.૦૧.૨૦૧૯ ના રોજથી અમલમાં આવશે.**

(૭) આ સ્કીમમાં વ્યક્તિ, પેઢી, કંપની, માઈનોર, એચયુએફ વગેરે નિયમ મુજબ રોકાણ કરી શકશે. આ સ્કીમમાં ઓવરડ્રાફ્ટની ફેસીલીટી મળશે નહિ.

(૮) જો આ બોન્ડની રકમ મુદત પહેલા ઉપાડવી હોય તો જે સમય માટે બોન્ડ રહ્યા હોય તે સમયગાળા માટે જે પ્રવર્તમાન એફડી વ્યાજદર હશે તેમાં ૨% વ્યાજદર કાપીને વ્યાજ ગણવામાં આવશે.

ચીફ એક્ઝીક્યુટીવ